**આદરણીય અધ્યક્ષશ્રી,**

સને ૨૦૧૧-૨૦૧૨ ના વર્ષના અંદાજો અનુસાર એકંદર પુરાંત ` ૪૯.૬૯ કરોડની રહેશે.

હવે હું સને ૨૦૧૧-૨૦૧૨ ના વર્ષ માટેની કરવેરા અંગેની દરખાસ્ત રજૂ કરું છું.

**તમાકુ ઉપરનો વેરો**

તમાકુ અને તેની બનાવટો આરોગ્ય માટે હાનિકારક હોવાથી તમાકુ અને તેની બનાવટોનું સેવન અટકે તથા વપરાશ શક્ય તેટલો ઓછો થાય તે હેતુને ધ્યાનમાં રાખીને ૨૦૧૦-૨૦૧૧ના નાણાકીય વર્ષમાં આ ચીજવસ્તુઓના વેરાનો દર ૧૫ ટકાથી વધારીને વધારાના વેરા સહિત ૨૦ ટકા કરવામાં આવ્યો હતો. રાજ્ય સરકારના આ પ્રયાસની કેન્દ્ર સરકાર દ્વારા તેમજ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા સુખદ નોંધ લેવામાં આવી છે.

તમાકુ અને તેની બનાવટો ઉપર વેરાનો હાલનો દર જે ૨૦ ટકા છે તે વધારીને વધારાના વેરા સહિત ૨૫ ટકા કરવાની હું દરખાસ્ત કરું છું. કાચી તમાકુ (Unmanufactured Tobacco) ઉપરની વેરામુકિત ચાલુ રહેશે.

**મોબાઈલ ફોન પર વેરાનો દર**

રાજયમાં હાલ મોબાઈલ ફોન ઉપરનો વેરાનો દર,વધારાના વેરા સહિત ૫(પાંચ) ટકા છે. જયારે અન્ય રાજયો જેવાં કે, મહારાષ્ટ્ર, કર્ણાટક, આંધ્રપ્રદેશ, દિલ્હીમાં મોબાઈલ ફોન પર વેરાનો દર લગભગ ૧૫ ટકા છે.

આ અસંતુલન નિવારવા માટે મોબાઈલ ફોન પરનો હાલનો વેરાનો દર જે વધારાના વેરા સહિત ૫ (પાંચ) ટકા છે તે વધારીને, વધારાના વેરા સહિત ૧૫ ટકા કરવા દરખાસ્ત કરું છું.

**ગ્રીન સેસ**

રાજયની સુગ્રથિત, સુવિકસીત અને પ્રભાવશાળી આંતરમાળખાકીય સુવિધાઓથી આકર્ષાઈને રાજયમાં ઊર્જા ક્ષેત્રે અનેક પાવર પ્લાન્ટ સ્થાપિત થઈ રહયા છે. રાજયની ભૌગોલિક સ્થિતિ, આયાતી કોલસા અને ગેસ માટેની અનુકૂળતા અને મુખ્યત્વે રાજય સરકારની હકારાત્મક નીતિઓના કારણે હાલ રાજયમાં લગભગ ૧૩,૨૫૮ મેગાવોટ જેટલી પરંપરાગત ઊર્જા માટે સ્થાપિત ક્ષમતા છે. આ સ્થાપિત ક્ષમતામાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે અને આવતા એકજ વર્ષમાં આ સ્થાપિત ક્ષમતા લગભગ ૧૮,૦૦૦ મેગાવોટ થશે. આના પરિણામે રાજયના વિકાસની ગતિ વધે છે, પરંતુ સાથે સાથે પરંપરાગત ઊર્જાના ઉત્પાદનથી પર્યાવરણ ઉપર અસરો પડે છે. આ પરિપ્રેક્ષ્યમાં રાજયમાં કલીન અને ગ્રીન એનર્જીના ઉત્પાદનને વેગ મળે તે ખૂબ જરૂરી છે. રાજયની ભૌગોલિક પરિસ્થિતિ, લાંબો દરિયાકાંઠો અને હવામાનને ધ્યાને લેતાં, ગુજરાતમાં કલીન અને ગ્રીન એનર્જીના ઉત્પાદન માટે ઘણી સારી તકો રહેલી છે.

આ સમગ્ર બાબતો ધ્યાને લઇને, કલીન અને ગ્રીન એનર્જીના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે, પર્યાવરણની જાળવણી કરવા માટે અને બીન પરંપરાગત ઊર્જા ખરીદવા જેવા હેતુઓ માટે રાજય સરકાર **“ગ્રીન એનર્જી ફંડ”** સ્થાપિત કરવા માંગે છે. આ હેતુ માટે એક અલગ કાયદો **ગ્રીન સેસ એકટ** ઘડવાની તથા તે અન્વયે **“ગ્રીન સેસ”** દાખલ કરવાની હું દરખાસ્ત કરું છું. તદ્‌નુસાર, સૌર ઊર્જા (Solar Energy), પવન ઊર્જા (Wind Energy), જૈવિક ઊર્જા (Bio Energy), ભૂતાપીય ઊર્જા (Geo Thermal Energy), દરિયાઇ મોજાની ઊર્જા (Tidal Energy) તથા જલ ઊર્જા (Hydel Energy) સિવાયની ગુજરાતમાં ઉત્પાદિત કેપ્ટીવ સહિતની તમામ પ્રકારની વિદ્યુત ઊર્જા પર યુનિટ દીઠ ૨ (બે) પૈસાના દરે “ગ્રીન સેસ” દાખલ કરવા દરખાસ્ત કરું છું.આ અંગેનું બિલ વિધાનસભાના ચાલુ સત્રમાં રજૂ કરવામાં આવશે.

**સમાપન** સને ૨૦૧૧-૨૦૧૨ ના વર્ષના અંદાજપત્રની આખરી પરિસ્થિતિ આ પ્રમાણે રહેશે.

*(રકમ ` કરોડમાં)*

| | | | |
|---|---|---|---|
| (૧) | અંદાજ અનુસારની પુરાંત | | **(+) ૪૯.૬૯** |
| (૨) | કરવેરામાં સૂચિત વધારા | | |
| | વેલ્યુ એડેડ ટેક્સ | ૨૮૦.૦૦ | |
| | ગ્રીન સેસ | ૨૪૪.૦૦ | |
| | **કુલ** | **પ૨૪.૦૦** | |
| (૩) | એકંદર અંદાજીત પુરાંત | | **(+) ૫૭૩.૬૯** |

માનનીય સભાગૃહની વિચારણા અર્થે હું આ અંદાજપત્ર રજૂ કરું છું.

-----------------